R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 20•ISSUE: 41 DATE: 08-10-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## તલ્લાકની સમજ અંગે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સ્પષ્ટતા કરી કે બિનસાંપ્રદાયિક દેશમાં ટ્રીપલ તલાકને સ્થાન નથી

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં તલાક અંગેની એફીડેવીટ રજુ કરતાં સ્પષ્ટતા કરી હતી કે બિનસાંપ્રદાયિક દેશમાં ટ્રિપલ તલાકને કોઇ સ્થાન નથી.એફીડેવીટમાં સ્પષ્ટતા કરી હતી કે કેન્દ્ર સરકાર ટ્રિપલ તલાકનો વિરોધ કરે છે.મુસ્લીમ પતિ દ્વારા ત્રણ વખત તલાક....તલાક.....તલાક કહીને પત્નીને છુટાછેડા લઇશકે તેવી પધ્ધતિ ગેરવાજબી અને અયોગ્ય છે.તે મહિલાઓ માટે અન્યાયકારી છે.કેન્દ્રે કહયુ હતું કે બિનસાંપ્રદાયિક દેશમાં ટ્રિપલ તલાકને કોઇ સ્થાન નથી.

પર્સનલ લોના નામે કોઇ વ્યક્તિના મુળભુત અધિકારો છીનવી શકાય નહીં.સરકાર બહુપત્નીત્વ પર પણ પ્રતિબંધ મુકવા માંગે છે. દેશનાં સૌથી ધાર્મિક લઘુમતી ગ્રુપ એવા મુસ્લીમ સમુદાયને બંધારણ દ્વારા લગ્ન,છુટાછેડા અને વારસા અંગે તેમના પોતાના સિવિલ કોડ દ્વારા અધિકારો આપવામાં આવેલા છે.સરકાર દેશમાં લૈંગિક સમાનતા અને મહિલાઓની ગરિમા અને સન્માની જાળવણીને મહત્વ આપે છે. ત્યારે તેના પ ર કોઇ પ્રકારનું સમાધાન કરી શકાય નહી.ટ્રિપલ તલાકને ધર્મના આવશ્યક હિસ્સા તરીકે મુલવી શકાય નહીં.આથી તેને ઈસ્લામની પધ્ધતિનો અભિન્ન હિસ્સો ગણી શકાય નહી.

મુસ્લીમો દ્વારા ત્રણ વખત તલાક કહીને પત્નીથી છુટાછેડા લેવાના મુદ્દે તેમજ અન્ય પારવરિક મામલાના નિર્ણયો મુસ્લીમ પર્સનલ લો દ્વારા લેવામાં આવે છે.તેમાં કેટલો હસ્તક્ષેપ કરી શકાય તે સુપ્રીમ કોર્ટ તપાસી રહી છે.મુસ્લીમ પર્સનલ લોમાં હસ્તક્ષેપ કરવાથી તેમના મુળભુત અધિકારોનો ભંગ થાય છે કે કેમ તે અંગે ડિબેટ કરવા કોર્ટે સરકારને કહ્યું છે.

મહિલાઓના અધિકારોનું રક્ષણ કરતા કાર્યકર્તાઓએ મુસ્લીમ પર્સનલ લોમાં સુધારા કરવાની દરખાસ્ત લાંબા સમયથી કરી છે. આ લોને મહિલાઓ પ્રત્યે ભેદભાવની દૃષ્ટિએ મુલવવામાં આવે છે.મહિલા સંસ્થાઓ બહુપત્નીત્વને ગુનો ગણવા, એકપક્ષીય છુટાછેડા બંધ કરાવવા તેમજ બાળલગ્નો બંધ કરાવવાની માંગણી કરી છે.જયારે ટ્રિપલ તલાકનો વિરોધ કરનારાઓ એવી દલીલ કરે છે કે ફેસબુક,સ્કાયપ અને ટેક્સટ મેસેજ દ્વારા મુસ્લીમ મહિલાઓને ત્રણ વખત તલાક કહીને મુસ્લીમ પુરુષ તત્કાળ છુટાછેડાની પધ્ધતિ અપનાવે છે તે ગેરબંધારણીય છે.

## મહારાષ્ટ્રમાં અનામતનો ચરુ ઉકળી રહ્યો હવે મરાઠા બાદ મુસ્લીમોએ પાંચ ટકા અનામત માટે મોરચો કાઢ્યો

મરાઠા,ધનગર,ઓબીસી બાદ હવે મુસ્લીમો પણ અનામત મેળવવા માટે મહારાષ્ટ્રમાં મોરચા કાઢવાની શરુઆત કરી છે. રાષ્ટ્રવાદી કોગ્રેસ પક્ષના વિધાનસભા સભ્ય જિતેન્દ્ર આવ્હાડની આગેવાની હેઠળ થાણેમાં મુંબ્રા ખાતે મુસ્લીમોએ પાંચ ટકા અનામત મેળવવાની માંગણી સાથે વિરાટ મોરચો કાઢ્યો હતો.આ મોરચાને અંતે મુસ્લીમ યુવતીઓએ મુંબ્રાના જિલ્લા કલેકટરને તેમની માંગણીઓનુ આવેદનપત્ર આપ્યું હતું.એનસીપીના નેતા જિતેન્દ્ર આવ્હાડેએ જણાવ્યુ હતું કે ભુતકાળમાં મરાઠા સમુદાયે અનામત માટે મુક મોરચા કાઢ્યા હતા.તેઓ દલિતો કે ઓબીસી વિરુધ્ધ કોઇ ટિપ્પણી કરતા નથી. અગાઉ ૧૬ ઓકટો.નીકળેલા મરાઠા મોરચામાં મુસ્લીમોએ મોરચામાં જોડાયેલા લોકોને પાણી પુરુ પાડીને ટેકો આપ્યો હતો. જેના પ્રતિભાવમાં મરાઠાઓ મુસ્લીમ મોરચાને ટેકો આપ્યો હતો.

## ફિક્સ વેતનદારોના પરિવારને બે લાખની કેસલેશ સારવાર મળશે : મુખ્યમંત્રીની જાહેરાત

રાજ્ય સરકારના ફિક્સ વેતનદારો અને તેમના પરિવારોને વાર્ષિક રુ.ર લાખ સુધીની કેશલેસ તબીબી સારવાર આપવાનો નિર્ણય કર્યો છે.મા વાત્સલ્યકાર્ડ હેઠળ આવી સારવારનો ખર્ચ ૧૦૦ ટકા રાજ્ય સરકાર ઉઠાવશે.ફિક્સ પગારના કર્મચારીઓ અને તેમના પરિવારમાં વધુમાં વધુ પાંચ વ્યક્તિની મર્યાદામાં આ સહાય ફિક્સ વેતનમાંથી કાયમી ન થાય ત્યાં સુધી મળવાપાત્ર રહેશે.મુખ્યમંત્રીના આ નિર્ણયાનુસાર આવી સારવાર રાજયની ૧૧ હોસ્પીટલોમાં લઈ શકાશે.ગંભીર બીમારીઓ-માંદગી માં કેશલેશ સારવારમળશે. આવી સારવારમાં બર્ન્સ એટલે કે દાઝ્યાની સારવાર,હૃદય,કીડની,મગજના ગંભીર રોગો,ગંભીર ઈજાઓ તેમજ કેન્સર જેવી બિમારી અને નવજાત શિશુના ગંભીર રોગોનો સમાવેશ થાય છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## માર્ગ સલામતી માટે ગુજરાત સરકારે જાહેરનામુ બહાર પાડીને કોમર્શીયલ વાહનોમાં સ્પીડ ગર્વનર ફીટ કરવું ફરજીયાત બનાવ્યું

ગુજરાત સરકારે માર્ગ સલામતી માટે જાહેરનામુ બહાર પાડીને કોર્મશીયલ વાહનો માટે સ્પીડ ગર્વનર ફીટ કરવું ફરજીયાત બનાવ્યું છે.હવેથી કોઇપણ પ્રકારના કોમર્શીયલ,જાહેરક્ષેત્રના વાહનો ફુલસ્પીડે દોડી શકશે નહીં.૧લી ઓકટો.થી રાજ્યના વાહનવ્યવહાર વિભાગ દ્વારા આ પ્રકારનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.૧લી ઓક્ટો બાદ ઉત્પાદિત કોમર્શીયલ વાહનોમાં સ્પીડ ગવર્નર ફીટ કરવું ફરજીયાત બનાવ્યું છે.જે જાહેરનામુ પ્રસિધ્ધ કરાયું છે જેમાં ભારત સરકારના નોટિફીકેશનથી એપ્રુવલ એજન્સીઓમાંથી ટાઇપ એપ્રુવલ સર્ટી. ધરાવતા ઉત્પાદકો કે અધિકૃત ડીલરો સ્પીડ ગર્વનર ફીટ કરવાની પરમીટ અપાશે તેમ સ્પષ્ટ કરાયું છે.માલ તેમજ પેસેન્જર પરિવાહનના ઉપયોગમાં લેવાનાર તમામ નવા વાહનોનો રજીસ્ટ્રેશન વખતે જ સ્પીડ ગર્વનર લગાડાશે.પરંતુ ૧લી ઓક્ટો ૧૫ પછી ઉત્પાદિત વાહનો અને તે પહેલાં રજીસ્ટર થયેલા જુના વાહનોમાં દર વર્ષે ફિટનેશ ટેસ્ટ વખતે સ્પીડ ગર્વનર ફીટ કરાશે.ગુજરાતમાં આઠ લાખથી વધુ કોમર્શીયલ ટ્રાન્સપોર્ટેશનમાં હેવી વાહનો છે.આ તમામ વાહનોને ૩૧ ઓક્ટો સુધીમાં સ્પિડ ગર્વનર ફિટ કરવાના રહેશે.તેનું ચેકિંગ પણ આરટીઓ ઓફિસરો એ કરવાનું રહેશે.

જે વાહનોમાં ૩૧મી ઓક્ટો.સુધીમાં સ્પિડ ગર્વનર ફીટ નહીં થાય તેની સામે રજીસ્ટ્રેશન રદ કરવા સુધીની કાર્યવાહી થશે.સ્પિડ ગર્વનરનું ફિટમેન્ટ તથા નિયમ મુજબની પ્રિસેટ સ્પિડ આરટીઓ કચેરીના ટેકનીકલ ઓફીસરો દ્વારા નક્કી કરવામાં આવશે. તે અંગે વાહનના ડેટાબેઝમાં તેની વિગતો નોંધવામાં આવશે તેવું નોટીફિકેશનમાં જાહેર કરવામાં આવ્યું છે.

ટુ-વ્હિલર્સ, થ્રી વ્હિલર્સ એવા ફોર વ્હિલર્સ કે જેમનો ઉપયોગ પેસેન્જર અને તેમા લગેજ ખેચવા માટે થતો હોય અને જેમાં બેઠક ક્ષમતા ૮ પેસેન્જરથી વધારે ન હોય અને જીવીડબલ્યુ ૩૫૦૦ કિલોથી વધુ ન હોય તેવા વ્હિલર્સ આ ઉપરાંત ફાયર, ડેન્કર્સ ,એમ્બુલન્સ, પોલીસના વાહનોને સ્પિડ કંટ્રોલર લગાવવામાંથી મુક્તિ આપેલ છે.ભારતમાં અત્યાર સુધીમાં માત્ર ગોવા,હિમાચલ પ્રદેશ, કર્ણાટક, હરિયાણા એમ ચાર રાજ્યમોમાં જ સ્પિડ ગર્વનરનો અમલ થયો છે.ગુજરાત રાજ્ય પાંચમૂં રાજ્ય છે જેણે માર્ગ સલામતી માટે મજબુતાઈ પુર્વક આ નિર્ણય કર્યો છે.જેનો અમલ શરુ થઈ ગયો છે તેવું વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયાએ જણાવ્યુ હતું.

વાહન અને તેની પ્રસેટ સ્પીડ માં ડમ્પર્સ,ટેન્કર્સ પ્રતિકલાકે ૫૦, સ્કુલ બસ, ભયજનક માલનું વહન કરનારાઓ માટે૬૦ની સ્પીડ, તેમજ૭૫૦૦કીલો થી વધુ માલવાહક,કેરેજ બસ માટે ૭૦ની મર્યાદા નક્કી કરાયેલ છે.

## બિનઅધિકૃત્ત નંબર પ્લેટ લગાવનાર સામે કડક કાર્યવાહીનો નિર્ણય

રાજ્યમાં નવા નોધાતા વાહનો માટે હાઈ સિક્યોરીટી નંબર પ્લેટ ફરજીયાત કરવામાં આવી છે. બજારમાં મળતી એચએસઆરપી જેવીજ દેખાતી નંબર પ્લેટ ફીટ કરી વાહનો ફેરવાતા હોય છે. તેથી આવી નંબર પ્લેટો લગાવવી તે ગેરકાયદેસર હોવાથી તેની સામે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.જેના ભાગરુપે હવે અનઅધિકૃત નંબરપ્લેટ લગાવનાર વાહન માલિકો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવશે.

વાહનો પર એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાનો કાયદો અમલમાં મુકવામાં આવ્યો છે. જેના પગલે હવે નવા નોધાતા તમામ વાહનોમાં એચએસઆરપી નંબર પ્લેટ ફીટ થાય ત્યારબાદ જ આરસી બુક આપવામાં આવશે.જેથી વાહન ચાલકો ફરજીયાત એચએસઆરપી નંબર પ્લેટ લગાવે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

તાજેતરમાં ભારતીય સેનાએ ઓક્યુપાઈ કાશ્મીર બાઈ પાકિસ્તાનમાં કેટલાક ચાલી રહેલા આતંકી કેમ્પો મીટાવી દેવા માટે રાત્રીના પહોરમાં ધાવો બોલાવવામાં આવ્યો જેને અંગ્રેજીમાં સર્જીકલ સ્ટ્રાઈક તરીકે ઓળખવામાં આવે છે.ભારત અને પાકિસ્તાનની સરહદો પર અવારનવાર છમકલાં થતાં રહે છે અને આઝાદી આવ્યા બાદ યુધ્ધો થયાં બાદ પણ આવી કંઈક વ ારદાતો બની છે.પાકિસ્તાની આતંકીઓ દ્વારા પઠાણકોટ એરબેઝ અને ઉરી ખાતેના લશ્કરી મથકો પર હુમલા કરવામા ંઆવ્યા બાદ લશ્કરી દળો દ્વારા એક રણનીતિના ભાગ રુપે પીઓકેમાં હુમલો કરીને કેટલાક આતંકી અડ્ડાઓની સફાઈ કરવામાં આવી.દેશની સુરક્ષા માટે જે કંઈ કરવું પડે તે માટે લશ્કર હંમેશા તેની મર્દાનગી માટે પ્રખ્યાત છે.આપણા જવાનોની જવાંમર્દીના કારણે આપણે દેશમાં સુરક્ષાનો અહેસાસ કરી શકીએ છીએ.

ખેર લશ્કરી દળો દ્વારા જે કાંઈ કરવામાં આવ્યું તે બેમિસાલ છે.અને એના માટે આપણે ગૌરવ અનુભવીએ છીએ. પરંતુ ત્યારબાદ જે રીતે પોલીટીકલ પાર્ટીઓએ યુધ્ધ જેવું વાતાવરણ દેશમાં ઉભુ કર્યુ તે ગૌરવ હિન બાબત છે. સત્તાપક્ષે લશ્કરી પગલાંને વ ોટબેંકમાં કેશ કરવા માટે જે પ્રસિધ્ધિ આપી અને તેના કારણે વિપક્ષો દ્વારા એના સામે જે કાંઈ નિવેદનો કરવામાં આવ્યા તેનાથી રાજકીય માહોલ ખરાબ બની ગયો છે. તમામ દેશવાસીઓ લશ્કર માટે અભિમાન ધરાવે છે અને તેમની કામગીરીને બિરદાવે છે. પરંતુ રાજકારણીઓની કામગીરી યોગ્ય સ્થાને રહી નથી જે દુ:ખદ છે.

હાલની દેશની સ્થિતિ જોતાં આપણે ભારે તકલીફોમાંથી પસાર થઈ રહ્યા છીએ.મોઘવારીને કારણે સામાન્ય નાગરિકની સ્થિતિ કફોળી બની રહી છે.વિકાસના માત્ર પાટીયા જ ઝુલે છે. ભ્રષ્ટાચારનો ભોરીંગ દેશને ખાઈ રહ્યો છે.જે વાતો ચુંટણી વખતે હતી તેમાંનું કશું સિધ્ધ થયું નથી.અચ્છે દિનની વ્યાખ્યા જ આવી હોય તો પછીઆને અચ્છે દિન ના કહેવાય તેટલું તો સામાન્ય નાગરિક સમજતો થયો છે.મોટી યોજનાઓ માત્ર કાગળ પુરતી અને ભ્રષ્ટાચારીઓના ઘર ભરવા માટેની છે તેવું પુરવાર થવા લાગ્યું છે.

## મંતવ્ય

મુસ્લીમ પર્સનલ લોમાં કેટલીક બાબતો અને તેમાંય ખાસ કરીને મહિલાઓની સમાનતાના અધિકારોની બાબતોમાં બોર્ડે ખુદ સામે ચાલીને સુધારાઓ સુચવવા જોઈએ.કારણકે મુસ્લીમ સંપ્રદાયની કેટલીક આક્રમક વિચારધારા ધરાવતી મહિલાઓ હવે તલાક જેવા મુદ્દે જાહેરમાં વિરોધ કરી રહી છે. જેથી સરકારને ગબડવું હતું ને ઢાળ મળ્યો.હિંદુત્વની વિચારધારાને વરેલી સરકારનો દેશને હિંદુ રાષ્ટ્રમાં પરિવર્તિત કરવાનો છે તેથી તેમને જ્યાં તક મળે ત્યાં અન્ય ધર્મોની કેટલીક બાબતો પર સત્તા હાથમાં હોવાથી તોડફોડ કરવા પ્રયત્ન તો કરશેજ.તેમાંય પાછો આવી મુસ્લીમ જનતાનો સાથ મળતાં વિવાદ વધુ વકરશે.

જો કેભારતના મુસ્લીમોના પારિવારિક અને અન્ય મામલે નિર્ણયો લેતા ઓલ ઈન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડે એવું કહયું કે સરકાર કે કોર્ટ લઘુમતિની ધાર્મિક સ્વતંત્રતામાં કે સામાજિક સુધારણાના નામે પર્સનલ લોમાં સુધારા કરીને હસ્તક્ષેપ કરી શકશે નહી. મુસ્લીમ પર્સનલ લો બોર્ડ એવો આગ્રહ રાખી રહ્યુ છે કે ટ્રિપલ તલાકની ભારતમાં સ્વીકાર્ય પરંપરામાં કોઈ ફેરફાર કરાય નહીં.સરકાર સમાન સિવિલ કોડનો અમલ કરી મુસ્લીમ પર્સનલ લો નો અમલ બંધ કરવા માંગે છે.

બહુપત્નીત્વ તેમજ હલાલા પધ્ધતિનો અંત લાવતી અરજીઓ પણ સુપ્રીમમાં વિચારણામાં છે. મુસ્લીમ મહિલાઓના અધિકારોના જતન માડે લડનાર ઝકિયા સોમણે કહક્યુ છે કે કુરાનમાં પણ ટ્રિપલ તલાકને માન્ય ગણવામાં આવેલ નથી. જ્યારે ભારત દેશમાં માત્ર બહુ પત્નીત્વ મુસ્લીમોનો ધાર્મિક અધિકાર હોવાની વાતને બહુ ચગાવી દેવામાં ફાળો કેટલીક કટ્ટરવાદી મુસ્લીમ વિરોધી સંસ્થાઓનો છે. જ્યારે ભુતકાળ કેટલાક સમાચાર પત્રોએ એવા સમાચારોની પૃષ્ઠી કરી હતી કે મુસ્લીમ પુરુષો કરતાં અન્ય ધર્મી પુરુષોને વધારે પત્નીઓ છે.જેમને કાયદા મુજબ કે ધાર્મિક રીતે કોઈપણ અધિકાર નથી.માત્ર મુસ્લીમો ના બહુપત્નીત્વ માટે હોબાળો શા માટે.

ખેર,દેશમાં અનેક સમસ્યાઓ છે છતાં ગંભીર સમસ્યાઓ તરફથી પ્રજાનું માનસ બદલવા માટે આતંકવાદી,ગૌમાંસ,કે ધાર્મિક અધિકારો બાબતે લોકોનું ધ્યાન દોરી અસલી સમસ્યાઓ છુપાવવાની એક રાજકીય ચાલમાં સામાન્ય લોકો ફસાઈ રહ્યા છે.આજ પ્રકારે ભુતકાળની સરકારો કેટલાક લોકોની ચાલમાં ફસાઈ ગઈ હતી.અને તેના પરિણામો આજે જોઈ રહ્યા છીએ.મતદારોને પોતાની તરફેણમાં કરવા માટે કેટલાક ઝનુની તત્વો માન્યતાઓ,આદર્શો,પરંપરાઓ વિગેરેમાં તોડજોડ કરવા મથામણ કરી રહ્યા છે.સમયની માંગ અનુસાર કેટલાક ફેરફારો ગ્રાહ્ય રાખી શકાય પરંતુ તે ફેરફારો કોઈ અન્ય ડખલ કરીને કરે તે ચલાવવું કપરુ છે.સંસારમાં ડખલ સંન્યાસીઓ કરી રહ્યા છે.તમે સંસાર ત્યજી દીધો પછી સંસારની માયાજળોમાં તમારે ફરીથી ડખલ કરવી કેટલા અંશે વ્યાજબી છે.

સીરાજુદીન સૈયદ

# સમૃધ્ધિ એ માણસની સર્વાધિક શક્તિ છે

આજે દરેક વ્યક્તિ સમૃધ્ધ થવા માટે પ્રયત્ન કરતો હોય છે.એનું કારણ એ છે કે બધા એમ વિચારે છે કે પૈસા દ્વારા બધા જ સુખ ખરીદી શકાય છે.જે માણસ સમૃધ્ધ છે,એની આસપાસ લોકો જોડાયેલા રહે છે. સમૃધ્ધિ એ માણસની સર્વાધિક શક્તિ છે. સમૃધ્ધિ માટે ક્યારેય કોઈને સંતોષ હોતો નથી.સમૃધ્ધિ જે પોતાની તાકાતથી મેળવી હોય, નીતિના માર્ગેથી આવી હોય તો એનો આનંદ છે.પણ સમૃધ્ધ થવા માટે ગમે તે રસ્તા અપનાવ્યા હોય તો એના પરિણામો સારા આવતાં નથી.સમૃધ્ધિ દ્વારા કહેવાતા સુખની ચીજવસ્તુઓ જ ખરીદી શકાય છે. સમૃધ્ધિમાં શાંતિ નથી. વિશાળ મકાનો,ભવ્ય હવેલીઓ,ઊંચા ઊંચા મહેલો, ગાડીઓ અને નોકર-ચાકરનો જમેલો એ બધું જ સમૃધ્ધિ દ્વારા થાય છે.તમે તમારો સામાજિક મોભો બતાવી શકો છો. પણ આપણે જેને સાચા અર્થમાં સુખ કહીએ છીએ, એ એમાંથી મળતું નથી.નકામી સમૃધ્ધિ તો નકામી વસ્તુઓ ખરીદે છે.આપણે જાણીએ છીએ ખે સમૃધ્ધિથી બધું જ શક્ય બને છે,પણ એકલી સમૃધ્ધિ જ જીવન નથી. છતાંય કહેવું હોય તો કહી શકાય કે,સમૃધ્ધિ જ બધાના હિતમાં-સબંધોમાં જીવન ઉપયોગી છે જ.

સમૃધ્ધિ - સ્ત્રી(સં)આબાદી,ઓશ્વર્ય,સંપત્તિ,જાહેજલાલી વગેરે અર્થ થાય છે.જે માણસની કોઈ જ પ્રતિષ્ઠા ન હોય,એવો માણસ જો સમૃધ્ધ હોય તો સમાજમાં એની ગણના થવા માંડે છે.સમૃધ્ધિ આદર અપાવે છે.સમૃધ્ધિથી અંધકારવાલા સ્થાનોમાં અજવાસ આવી જાય છે.માણસના ચહેરા પર લાલી છવાય છે.પણ જે માણસ સચ્ચાઈના માર્ગે સમૃધ્ધ થાય છે એની સમૃધ્ધિ પેઢી દર પેઢી ટકી રહે છે.સંત તિરુવલ્લુવરે કહ્યું છે : ‘ નીતિને માર્ગે રહી જેણે ખુબ ધન એકઠું કર્યુ હોય છે તેને જીવનના બે પુરુષાર્થ ધર્મ અનો કામ સહજ પ્રાપ્ત થાય છે.‘સમૃધ્ધિ શુધ્ધ સાધનો દ્વારા પ્રાપ્ત થાય તો ધર્મ અને સુખ પ્રાપ્ત થાય છે.બીજાને ચુસીને,મારી-કાપીને મેળવેલી સમૃધ્ધિ લાંબો સમય ટકતી નથી અથવા જે માર્ગેથી આવે છે ,એ જ માર્ગે પાછી જાય છે.ખુબ સમૃધ્ધ બનો અને નીતિના માર્ગે એનો ઉપયોગ કરો. એ રીતે મેળવેલી સમૃધ્ધિ અવિચળ જ્યોતિરૂપ હોય છે.આપણે સમાજમાં ઘણા દાખલા જોયા છે કે આજનો કરોડપતિ કાલનો રોડપતિ બની જતો હોય છે. એનું કારણ એટલું જ કે એની સમૃધ્ધિ કોઈ અનીતિના માર્ગે આવેલી હોય છે. લક્ષ્મી ચંચળ છે, એને પણ નીતિનો માર્ગ પસંદ છે. અનીતિનો માર્ગ અતિ ટુંકો હોય છે.

અથર્વવેદમાં કહ્યું છે : ‘તેલની માલિસ, સુગંધ, સોનું,શરીરનું તેજ, એ બધાંજ સમૃધ્ધિના લક્ષણ છે. ‘આપણે કેટલાંક લોકોને જોઈએ છીએ કે ,હાથની આંગળીઓ,હાથનું કડું,ગળામાં સોનાના દોરા લટકતા હોય છે.એમાં જોઈએ તો સમાજમાં બે પ્રકારના માણસો જોવા મળે છે.એક, જે છે તે બીજાને બતાવવા માટેનું પ્રદર્શન કરનારા, બે, જે છે તે ગુપ્ત રાખનારા. જેનામાં આછકલાઈ છે, જેનામાં જીવન-સમજનું ઊંડાણ નથી, જે સંજોગોવસાત રાતોરાત ધનપતિ થઈ ગયા છે, એમને પોતાની સમૃધ્ધિ બતાવવાનો અભરખો હોય છે.એથી એ પ્રદર્શન કરતાં હોય છે.જે ગર્ભ-સમૃધ્ધ હોય છે, એ તો હોય જ છે. એમને પ્રદર્શનની જરૂર ખરી ?સમૃધ્ધિ આવે એની સાથે સદાચાર આવે એ જરૂરી છે. આમ તો કહેવાય કે, સમૃધ્ધિ દુષણોને આમંત્રણ આપે છે.મહેનત વગરની સમૃધ્ધિ માણસને છાકટા બનાવી દે છે.જેની પાસે સમજ ના હોય, એ સમૃધ્ધિનો ભયંકર દુરપયોગ કરીને પોતાનો વિનાશ નોતરતો હોય છે. અનેક પ્રકારના અવળા માર્ગે ચડી જતો હોય છે. આપણે આગળ કહ્યું એમ, એક બીજી વાત પણ દીવા જેવી છે કે, સમૃધ્ધિ જ માનપાન અપાવે છે. તમે કેવા માર્ગેથી ધન-દોલત મેળવી છે એમાં કોઈ પડતું નથી. પણ તમારી પાસે છે,એનું જ મહત્વ બની રહે છે. કોઈએ સાચું કહ્યું છે કે સમૃધ્ધિ ખોરાક લાવી શકે, ભુખ નહી, દવા લાવી શકે, આરોગ્ય નહી,મોજમજા લાવી શકે,પણ શાંતિ અને સ્વસ્થતા નહીં. સમૃધ્ધિ તો દરિયો છે એમાં તરતાં શીખવું જોઈએ, નાહીતર આપણી સચ્ચાઈ અને ઈજ્જત બંને એમાં ડુબી શકે છે. ગેટેએ સારી વાત કરી છે. ‘ અચાનક અને અતિ ઝડપે ભેગું કરેલું ધન ઘડીકમાં ચાલ્યું જાય છે, જ્યારે ક્રમિક રીતે આવેલું ધન વધતું જાય છે. ‘જેની પાસે સમૃધ્ધિ છે, પણ ઉદારતા નથી એ સાચો ભિખારી છે.

આપણે આગળ કહ્યું કે ધન એ સુખ નથી. ઓશો રજનીશે પણ એજ વાત કરી છે.ભૌતિક સંપત્તિનો ચળકાટ ખોટો છે.તમારી પાસે હીરા

અનુ પાન નં ૪ ઉપર

IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે. દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**

Tour Date 18 May ‘16,Sept.16
November,2016

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા.
૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *

# શાંતિના નોબેલ પ્રાઇઝ વિજેતા ઇઝરાયેલના ભુતપુર્વ પ્રેસીડેન્ટ અને વડાપ્રધાન શિમોન પેરેઝનું નિધન

ઈઝરાયેલના ભુતપુર્વ પ્રેસિડેન્ટ અને વડાપ્રધાન શિમોન પેરેઝનું ૯૩ વર્ષની વયે અવસાન થયું હતું.તેઓ ઈઝરાયલી રાજકારણના સૌથી વયોવૃધ્ધ સેનાની હતા.તેમનું જીવન યહુદીઓના દેશ માટે લોકો સમક્ષ પ્રતિબિંબ પાડનારુ હતું. તેઓ નોબેલ પ્રાઇઝ વિજેતા વિઝનરી હતા.તેમણે ઈઝરાયેલને શાંતિ તરફ ધકેલ્યો હતો.બે અઠવાડીયા પહેલા આવેલા બ્રેન સ્ટોકને કારણે તેમને હોસ્પીટાઈઝ કરાયા હતા જ્યાં તેમનું અવસાન થયું હતું.તેમના અવસાનનો શોકસંદેશો ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુએ પ્રસિધ્ધ કર્યો હતો.તેમની અંતિમ ક્રિયા ક્યારે કરવી તે કેબીનેટ નક્કી કરશે.તેમની અંતિમ વિધિમાં વિશ્વના અનેક મહાનુભાવો હાજર રહેશે તેથી તેની વ્યવસ્થા કેબીનેટ કરશે તેવો નિર્ણય લેવાયો હતો.પેરેઝના અવસાનના સમાચારે વિશ્વના અનેક દેશોમાં આઘાત અને શોકની લાગણી ફરી વળી હતી.

પેરેઝને શાંતિનુ નોબેલ પ્રાઈઝ મળ્યુ હતું. તેઓ ઈઝરાયેલના રાજકારણના સારથી હતા અને સન્માનીય વ્યક્તિ હતા. તેમણે સાત દાયકા સુધી ઈઝરાયેલના રાજકારણમાં સક્રિય ભુમિકા નિભાવી હતી.યુએસના ઓબામા,જ્યોર્જ બુશ,અને બિલ ક્લિન્ટન સહિત વિશ્વના અનેક દેશોના નેતાઓએ તેમને શ્રધ્ધાજંલી અર્પી હતી.૧૯૭૭માં ચુંટણી વિજય થયા પથી ૨૯ વર્ષે ઈઝરાયલમાં લેબર પાર્ટીના શાસનનો અસ્ત થયાં પછી પેરેઝે શાંતિની દિશામાં પહેલ કરી હતી.

# બિહારમાં પુર્વ જસ્ટીસ કાત્જુ પર દેશદ્રોહનો કેસ દાખલ

સુપ્રીમ કોર્ટના પુર્વ ન્યાયાધીસ કાત્જુની સમોં બિહાર અંગેની આપત્તિજનક ટીપ્પણી અંગે જેડીયુના નેતાએ પોલીસ કેસ કર્યો છે. જેડીયુના નેતા નીરજકુમારે પટનાના શાસ્ત્રી નગર પોલીસ થાણાંમાં ૧૨૪ એ,૧૫૩બી,અને ૬૬ આઈટી એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરી છે.

# મરાઠાઓ વિરોધી કાર્ટુન બદલ શિવસેનાની ઓફિસ પર હુમલો

શિવસેનાના મુખપત્ર સામનામાં છાપવામાં આવેલા એક કાર્ટુનને કારણે તેને મરાઠા સમુદાયના રોષનો ભોગ બનવુ પડયું હતું.મહારાષ્ટ્રમાં થઈ રહેલા મરાઠા અનામત માટેની ઝુંબેશની મશ્કરી કરતાં દેખાતા આ કાર્ટુનથી ઉશ્કેરાયેલા આ સમુદાયના લોકોએ શિવસેનાની ઓફિસમાં તોડફોડ કરી હતી.

આમ સામાન્યપણે વિરોધ માટે તોડફોડનો આશરો લેતી શિવસેનાને શેરના માથે સવાશેર જેવી સ્થિતિ ઉભી થઈ હતી.જાણવાની વાત એ છે કે મરાઠા તરફી એક સામાજીક સંગઠન સંભાજી બ્રિગેડએ ઘટનાની જવાબદારી પણ સ્વીકારી લીધી હતી. આ વિવાદાસ્પદ કાર્ટુનમાં એક પુરુષ એક મહિલાના ગાલ પર કિસ કરતો દર્શાવાયો છે. મહિલાના હાથમાં મુક મોરચા કે કિસ વિરોધનું સંદેશા સાથેનું પ્લેકાર્ડ દેખાય છે.હંમેશા વિરોધ કરનારા પીટાઈ ગયા.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332


# મુસ્લીમ લઘુમતિઓના મતો મેળવવા માટે ભાજપે દેશભસરમાં મુસ્લીમ પંચાયતોનું આયોજન કર્યુ

ચુંટણીઓમાં મત મેળવવા માટે મતદારોને રીઝવવા માટે કેવા કેવા ખેલ કરવા પડે છે તે રાજકીય પક્ષો જ જાણે છે.તાજેતરમાં મુસ્લીમ લઘુમતીઓના વોટ મેળવવા માટે ભાજપે મુસ્લીમોને રીઝવવા માટે દેશભરમાં મુસ્લીમ પંચાયતોનું આયોજન કર્યુ છે. આ વ્યુહ રચના હેઠળ ચાર મહિનામાં ૧૦૦ પંચાયતો ભરી સરકાર મુસ્લીમ લઘુમતીઓના મનની વાતની ભાળ મેળવશે.

૨૦૧૭માં ઉત્તર પ્રદેશમાં યોજાનારી વિધાનસભાની ચુંટણીમાં સત્તાધારી સમાજવાદી પક્ષને યુપીમાં મુસ્લીમ મતદારોનું મોટું પીઠબળ છે.. આ મુસ્લીમ વોટબેકમાં ગાબડું પાડવાની રણનીતિ અંતગર્ત ભાજપે મુસ્લીમ મતદારોને રીઝવવાની કવાયત શરુ કરી દીધી છે.કેરળમાં ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં વડાપ્રધાન મોદીએ મુસ્લીમોને પોતાની સમજવાની પાર્ટીને અપીલ કર્યા બાદ હવે કેન્દ્ર સરકાર લઘુમતી સમુદાય માટે પ્રોગ્રેસ પંચાયત નામનાં અભિયાનનો પ્રારંભ કરી રહી છે. આ પંચાયતોનો ઉદ્દેશ્ય લઘુમતી સમુદાયોના લોકોને લઘુમતી બાબતોના મંત્રાલયની યોજનાઓની જાણકારી આપવા અને વિકાસ માટે નાણાંના ઉપયોગ અંગે મંતવ્યો લેવાનો છે. તે ઉપરાંત આ પંચાયતો દ્વારા સત્તાધારી ભાજપ લઘુમતી સમુદાયમાં પ્રવર્તતી તેના અંગેની ખોટી ધારણાઓ દુર કરવા માંગે છે.

પહેલી મુસ્લીમ પંચાયતનું હરિણાયાના મેવાતમાં આયોજન કરાયું છે.સરકાર આગામી ચાર મહિનામાં સમગ્ર દેશમાં આ પ્રકારની ૧૦૦ પંચાયતોનું આયોજન કરશે.

## જાણવા જેવું !

ચરકને વિશ્વના સૌથી મહાન વૈદ્ય માનવામાં આવે છે.તેમના દ્વારા લિખિત ગ્રંથ ચરકસંહિતાને વિશ્વના બહોળા દેશોમાં અનુસરવામાં આવે છે.આધુનિક ચિકિત્સાશાસ્ત્રના પાયા આયુર્વેદમાં રહેલા છે.

ભારતીય વાયુસેનાની સ્થાપના બ્રિટીશરો દ્વારા ૮ ઓકટો.૧૯૩૨ના રોજ કરવામાં આવી હતી.

મિસ યુનીવર્સની સ્પર્ધા પહેલી વાર ૧૯૫૨માં કેલીફોર્નીયામાં યોજાઇ હતી.

# ભારતીય સૈન્ય દ્વારા પીઓકેમાં સર્જિકલ સ્ટ્રાઇક દ્વારા આતંકી કેમ્પનો સફાયો

ઊરી અને પઠાણકોટના ભારતમાં આતંકી હુમલા બાદ સહુ પ્રથમ વાર ભારતના સૈન્ય દ્વારા સર્જિકલ સ્ટ્રાઈક દ્વારા પીઓકેના આતંકી કેમ્પો પર હુમલો કરવામાં આવ્યો હોવાના સમાચારો આવ્યા છે.આર્મી કમાન્ડો દ્વારા આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું.પીઓકેમાં ભીમ્બર,હોટસ્પ્રિંગ, કેલ અને લીપા સેક્ટરમાં એલઓસીથી ૩ કી.મી. અંદર જઈને આ ઓપરેશન કરવામાં આવ્યુ હતું.જો કે પાકિસ્તાન દ્વારા કોઈપણ પ્રતિક્રિયા કરવામાં આવે તો તેની સામે વળતો હુમલો કરવા સેનાને સાબદી કરાઈ છે.જો સમાચારો મુજબ પાકિસ્તાનમાં ભારતના આવા હુમલાને કારણે યુધ્ધની દહેશત ફેલાઈ છે.

કોઈપણ વિપરિત પરિસ્થિતિને પહોચી વળવા માટે સૈન્યને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે.બીએસએપ દ્વારા પંજાબમાં સહહદથી ૧૦ કી.મી. વિસ્તારમાં આવેલા ગામો ખાલી કરાવાયા છે.બોર્ડર વિસ્તારની સ્કુલો,ઓફિસો, તેમજ સંસ્થાનો બંધ કરાયા છે.

વડાપ્રધાને એવું કહ્યુ હતું કે પીઓકે ભારતનું અભિન્ન અંગ છે અને ભારતના આ હિસ્સા પ ર જ સર્જીકલ સ્ટ્રાઈક કરવામાં આવેલ છે.આ લશ્કરી કામગીરી ન હતી.પીઓકેને કાયમ માટે આતંકીઓ માટેના ઘુસણખોરીના આસાન રુટ તરીકે બંધ કરવામાં આવે.આતંકીઓ સીમા પાર કરીને ભારતમાં પ્રવેશે ત્યાં સુધી રાહ જોવાશે નહી શક્ય હોય ત્યારે તેમની સામે પીઓકેમાં જ પગલાં લેવાશે તેમ જણાવ્યુ હતું.

# પાકિસ્તાનની સંસદે ઐતિહાસિક હિન્દુ લગ્ન બિલ પસાર કર્યું

એક ઐતિહાસિક ઘટનાક્રમમાં પાકિસ્તાનની સંસદે હિન્દુ લગ્ન બિલ પસાર કરી દીધું છે.આ સાથે જ લઘુમતી હિન્દુ સમુદાય તેમનના લગ્નની નોંધણી કરી શકશે.તેને કારણે બળજબરીથી થતાં ધર્માંતરણ પર અંકુશ આવશે. જો કે એક્ટિવિસ્ટે કહ્યુ છે કે હિન્દુ મહિલાઓ અને યુવતીઓના અપહરણ તથા બળજબરીથી ધર્માંતરણના મુદ્દે હજુ ઘણાં પગલાં લેવાના બાકી છે.

માનવ અધિકાર મંત્રી કામરાન માઈકલે નીચલા ગૃહ નેશનલ એસેમ્બલીમાં આ બિલ રજુ કર્યુ હતું.જેનું સાંસદોએ સમર્થન કરીને બિલ પસાર કર્યુ હતું. આ બિલ મુજબ હિન્દુઓ માટે લગ્નની લઘુત્તમ વય ૧૮ વર્ષની રહેશે.અન્ય ધર્મના લોકો માટે લગ્નની વયમર્યાદા પુરુષો માટે૧૮ અને મહિલાઓ માટે ૧૬ વર્ષ છે.આ કાયદાનો ભંગ થશે તો છ મહિનાની જેલની સજા અને પાંચ હજાર રુપીયાનો દંડ થશે.

યુનિસેફના અંદાજ મુજબ પાકિસ્તાનમાં ૨૦ થી ૨૪ વર્ષની ૨૧ ટકા મહિલાઓએ પ્રથમ લગ્ન ૧૮ વર્ષથી ઓછી વયમાંજ કરી નાંખ્યા હતા.તેમાં પણ ત્રણ ટકા મહિલાઓએ ૧૬ વર્ષ પહેલાં જ લગ્ન કરી લીધા હતા.


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# સત્ય જાણવા અરીસો સર્વોત્તમ સાધન

સામાન્ય રીતે વિદ્યાર્થીઓ પરીક્ષામાં પાસ થવા જેટલા પુરતું વાંચે છે.કોમનમેનને પણ જીંદગીની પળોજણ એટલી બધી હોય છે કે વાંચન વૈભવ તે ભોગવી શકતો નથી.પણ ક્યારેક ક્યારેક તે વાંચનાની મઝા ભોગવી લે છે.આવી મઝાના કેટલા આકસ્મિક લાભ થાય છે . આવોજ લાભ કોમનમેનને હમણાં થયો. વાંચતા વાંચતા એક સંશોધન વિશે જાણવા મળ્યું.

આમ, તો કોમનમે સંસોધનથી ગભરાય છે કારણકે અવારનવાર સંશોધનની જે વિગતો અખબારોમાં આવે છે તે ચોંકાવનારી તો હોય છે જ પણ ક્યારે વિરોધાભાસી હોય છે.નિયમિત કોફી પીવાથી હૃદયરોગના હુમલાથી બચી શકાય છે એવી માહિતી મળવાથી કોમનમેન નિયમિત કોફી પીવા માંડે છે.બે ચાર મહિને એવી માહિતી આવે છે કે ચા-કોફી પીવાથી હૃદયરોગ થવાની શક્યતા ધુમ્રપાન કરતાં ઓછી છે.રોજ એક એસ્પીરીન લેવાથી હૃદયરોગને અટકાવી શકાય છે.એમ માની ને કેટલાક લોકો એસ્પરીન લેવાનું શરુ કરે છે.ત્યારે કોઈ પરદેશી યુની.ના અધ્યાપક પંદર વર્ષના સંશોધનના આધારે કહેશે : એસ્પીરીનથી અલ્સર થાય છે.સહેલાઈથી ગળે ઉતરી જાય તેવી હોય છે પણ એના અનુભવનો આનંદ લેવાનો શોખ કોમનમેન ભાગ્યે કરી શકે છે.

અમેરિકાની ટેકસાસ યુની. ના પ્રા.ડેનિયલ કેમરમેસ પોતાના વીસ વર્ષના સંશોધનને અંતે જણાવે કે આકર્ષક સ્ત્રી પુરુષો સામાન્ય લોકો કરતાં વધુ કમાઈ શકે છે.આ તારણ પર આવતાં વિદ્વાનોને વીસથી વધુ વર્ષો લાગ્યા છે. ગામડાની ગણેલી કે શહેરનો રામલો પણ કહી શકે તે વાત સમજતાં વિદ્વાનોને આટલા બધા વર્ષો લાગ્યા તેનું કોમનમેનને આશ્ચર્ય થાય છે.

જો કે આ વિદ્વાને ઊંડો અભ્યાસ કર્યો છે એટલે અન્ય કેટલાંક નિરિક્ષણો પણ કર્યા છે.પ્રા.ડેનિયલ કેમરમેસ કહે છે. કોઈપણ કંપની(ઊદ્યોગ)માં સુપરવાઈઝર કે મેનેજર સામાન્ય દેખાવનો હોય તો,તેના હાથ નીચે કામ કરતાં કર્મચારીઓનું ધ્યાન તેના તરફ હોતું નથી.દેખાવને કારણે તે પુરતુ માન પણ પામતા નથી.વ્યક્તિનો સામાન્ય દેખાવ અન્યનું ધ્યાન ખેંચી શકતો નથી.આથી વિપરીત જો મેનેજર સુપરવાઈઝર આકર્ષક,રુપાળો, મનહર હોય તો આ આર્કષાય છે. તેમાંય મેનેજર મહિલા હોય તો કર્મચારી પુરુષો માટે વધુ રહેવાનું, કર્મચારી મહિલા હોય તો મેનેજર પુરુષ માટે વધારનું આકર્ષણ રહે. આથી લાભ થાય છે.આકર્ષક બોરના હુકમો કર્મચારી ફટાફટ માનવા લાગે છે. તેમને સારુ લગાડવા ઉત્સાહથી કામ કરે છે. પરિણામે બોસ સફળ થાય છે. આકર્ષણથી ઉત્પાદકતાથી વૃધ્ધિ થાય છે.હવે સમજાય છે કે રુડા રુપાળા મનમોહનસિંહ આર્થિક ક્ષેત્રે કેમ સફળ થઈ રહ્યા હતા. બીજો પણ એક લાભ છે જો બોસ આકર્ષક હોવા છતાં નબળો હોય તો, કર્મચારીના વર્તનથી તેનામાં પરિવર્તન આવે છે. તે પોતાની નબળાઈ દુર કરી જાતને સિધ્ધ કરવા મથે છે.તે માટે તે પ્રયત્નશીલ બને છે.અંતે નબળાઈ ત્રુટિ દુર કરી તે કાર્યક્ષમ બને છે.

કોમનમેનને હવે સમજાય છે કે રિસેપ્શનિસ્ટ અર્થાત આવકારતાં સ્ત્રી કે પુરુષનો નોકરી આપવાની જાહેરાતમાં હંમેશા સુંદર, આકર્ષક, અને ચપળ યુવક-યુવતીઓનો આગ્રહ કેમ રાખવામા આવે છે.એરહોસ્ટેસ માટે પણ આવો જ આગ્રહ રખાય તે સ્વાભાવિક છે.કોમનમેનને પોતાનો રંગ તો લઈને જન્મે છે તે પણ આકર્ષક બની શકે તે પ્રતીતી તેને બ્યુટી પાર્લર,સૌદર્યવર્ધક સાબુ કે શેમ્પુ ક્રીમની જાહેરાતોથી થાય છે.આ બધાને પરિણામે સફળતા માટેની આકર્ષક પ્રતિભા પ્રાપ્ત થાય છે. પણ તેના કેટલાક જોખમો પણ છે. આર્થિક ક્ષેત્રે કાર્યક્ષમતા વધે તો સફળ થવાય પણ જો રોમાંસમાં આ કાર્યક્ષમતાથી સફળ બન્યા તો મુશ્કેલી, ખર્ચાળ પરિસ્થિતિ ઉભી થાય . ડો જેફીબીડલ અને ડો.કેમરસેસનું સંશોધન તો આર્થિક ક્ષેત્રે આકર્ષક સ્ત્રી પુરુષ અન્ય કરતાં વધુ સફળ થાય છે તે અંગેનુ હતું. પણ આ વાત પ્રેમમાં તો સો ટકા સાચી છે. વગર સંશોધનને કહી શકાય. ફિલ્મ વ્યવસાય કે અન્યત્ર પણ સ્ત્રી પુરુષોની સફળતા સમજાય તેવી છે.

સામાન્ય રીતે બીન આર્થિક રાજકારણમાં પણ આકર્ષક સ્ત્રી પુરુષો સફળ થાય છે.જો જો કેનેડી,જવાહરલાલ નહેરુ,કે રાજીવ ગાંધી તેના ઉદાહરણો છે.ઈન્દીરાજીમાં કરિશ્મા વિશે તો નિબંધો લખાયેલ કરિશ્મા(કપુર) માત્ર ફિલ્મોમાં જ નહી, કરિશ્મા રાજકારણમાં પણ ચાલેછે. ગાંધીજી જેવા સફળ રાજનેતા આકર્ષક ગણાય કે નહી તે વિશે મતભેદો છે. આથી જ કૃષ્ણને કાળો કામણગારો કહેવાય છે.આફ્રિકામાં બ્લેક બ્યુટીની મહત્તા છે.

મારા સોનાના એ ગામના ગારાના એવી માતૃપ્રેમ જેવી ભાવના કોમનમેનની પોતાના ચહેરા માટે અને પોતાની આકર્ષણયુક્ત પ્રતિભા માટે હોય છે.અરીસાનું આ કારણે જ માહાત્મ છે.સત્ય કહેવા માટે અરીસાને ઉત્તમ સાધન મનાયું છે.છતાં એ અરીસા સામે પ્રત્યક્ષ ઊભા રહીને કોમનમેન પોતાને સુંદર અને આકર્ષક માને છે.એમ માનવામાં આનંદ આવે છે.એટલું જ નહી,ગૌરવનો અનુભવ થાય છે.આ આત્મરતિ કે આત્મ ગૌરવ કોમનમેનને આ અસાર સંસારમાં જીવન જીવવાની પ્રેરણા આપતાં બળ છે.

બે વિદેશી વિદ્વાનોએ આકર્ષક સ્ત્રી-પુરુષો આર્થિકક્ષેત્રે વધુ સફળ થાય છે.એવુ વિધાન કરીને આકર્ષક બનવા માટે શું કરવું પડે તેની કોમનમેનની શોધને તીવ્ર બનાવી દીધી છે.હવે તે તેલ,સાબુ,સુગંધિત દ્રવ્યો,પાર્લર આ બધાં વિશે વધુ જાગૃત બનીને કાર્યરત થશે.ફોટોગ્રાફરને ત્યાં જઈને આકર્ષક ફોટોગ્રાફ પડાવી રખાશે.ન કરે નારાયણનો કોઈ સફળતા મળે તો,વર્તમાનપત્રમાં ત્યાં પોતાના ખર્ચે ફોટા છપાવીને જગતને જાણ કરવી પડે.અમિતાભ,અનિલ કે મુકેશ અંબાણી,ગોવિંદા, આમીર ખાન, સની દેઓલ, સંજયદત્ત, શાહરુખખાન, સલમાનખાન, રેખા, જુહી ચાવલા, માધુરી દિક્ષિત,કે શ્રીદેવી જેવા ધંધાકીયક્ષેત્રે સફળ બનેલા વ્યક્તિ વિશેષોના જીવનકવન પરથી પ્રેરણા લઈ કોમનમેન સફળતા માટેની યોત્રા શરુ કરશે. સફળથા માટે કોમનમેનને સૌથી શુભેચ્છા મળે તે માટે પ્રાર્થના છે.

હસમુખ પટેલ (સૌ.સંદેશ)

# સર્જીકલ સ્ટ્રાઇકના નામે ભાજપ રાજકીય લાભ ખાટવા માંગે છે : શંકરસિંહ વાઘેલા

તાજેતરમાં પીઓકેમાં ભારતીય લશ્કરે કરેલી સર્જીકલ સ્ટ્રાઈક દેશભરમાં ચર્ચાનો વિષય અને રાજકીય ગરમાગરમીનો વિષય બની ગયો છે.વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાએ ભાજપની ઝાટકણી કાઢતાં કહ્યુ હતું કે અત્યાર સુધીમાં ૪૦૦થી વધારે વખત સર્જીકલ સ્ટ્રાઈક પાડોશી દેશોમાં આપણે કરી છે.સામે પક્ષે પાડોશી દેશોએ પણ સરહદનો ભંગ કરીને આવું કરેલું છે.આને યુધ્ધ ના કહેવાય. સર્જીકલ સ્ટ્રાઈકનો યશ લેવા પ્રયત્ન ના કરવો જોઈએ.ભાજપની રાજકીય લાભ ખાટવાની વરવી વૃત્તિ પ્રગટ થાય છે.પંજાબ અને ઉત્તર પ્રદેશમાં આવી રહેલી ચુંટણીઓ માટે થઈને એક પ્રચાર વ્યવસ્થાના ભાગ રુપે આ સર્જીકલ સ્ટ્રાઈકનો ભાજપ લાભ લેવા માંગે છે.આજદિન સુધી સર્જીકલ સ્ટ્રાઈક વખતે સરહદેથી લોકોના ઘરબાર ખાલી કરાવી કેમ્પોમાં આશરો અપાયો નથી.પણ આ વખતે ખોટે ખોટ્ટો યુધ્ધનો માહોલ સર્જીને રાજકીય લાભ ખાટવા ગામડાઓ ખાલી કરાયા છે.શંકરસિંહે કહ્યુ હતું કે ભાજપના સિનિયર નેતા અરુણ શૌરીએ ટ્વિટ કરીને કહેવું પડ્યું છે કે મનમોહનસિંહની સરકાર વખતે પણ ૬ વખત સર્જીકલ સ્ટ્રાઈક થઈ હતી.પરંતુ તેનો ઉપયોગ રાજકીય લાભ લેવા માટે નહોતો થયો.જો કે તેમણે સરકાર પર આક્ષેપ કરતાં કહ્યુ હતું કે લાંબો સમય વિત્યા બાદ પણ સરકારે વીડીયો શુટીગ જાહેર કર્યું નથી.

અનુ. પાન નં ૨ નું ચાલુ

મોતી જડેલો પલંગ હોય, પરંતુ ઊંઘ ન આવતી હોય તો ?તમારી સમક્ષ બત્રીસ ભોજન અને તેત્રીસ પકવાન પીરસેલાં પડ્યા હોય,પરંતુ ભુખ ન લાગતી હોય તો ? ઊંઘ લાવી શકે તેવો પલંગ કે ભુખ લાવી શકે એવો ભોજનથાળ આ દુનિયામાં હજી બન્યા નથી.આપણે ધનના વિરોધી નથી, પણ ધન જ જગતનું સર્વસ્વ છે એવું નથી. સમૃધ્ધિ હોય તો ઉદાર દિલ પણ જોઈએ.જે આપે છે,એનાથી નાશ થતો નથી.એક સુભાષિત છે :'આપવાથી ધનનો નાશ થાય છે, એમ તુ કોઈ કાળે પણ માનીશ નહીં,જુઓ, કુવા,બગીચા,ગાય વગેરે જેમ જેમ દેતા જાય છે તેમ તેમ તેમની સંપદા વૃધ્ધિ પામે છે.' સમૃધ્ધિથી માણસને સન્માન મળે છે.તમે ક્યા માર્ગે ધન કમાયા છો એની કોઈ ચિંતા કરતું નથી. જે સમૃધ્ધ છે એ ડાહ્યો છે, વિદ્વાન છે, સજ્જન છે. એ રીતે એની સમૃધ્ધિમાં જ બધા જ અવગુણો ગુણ બની જાય છે. કાલિદાસે રઘુવંશમાં પણ કહ્યું છે કે 'જેમાં પાણી ભરાયેલું છે એવા જ વાદળોનું સ્વાગત ચાતક કરે છે. ' સમૃધ્ધિમાં યશ અને કિર્તી સમાયેલાં છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.